અનુસૂચિત જનજાતિના લોકોને **"વ્યક્તિગત ધોરણે આવાસ સહાય"** યોજના અંગેનો સંકલિત ઠરાવ બહાર પાડવા તથા સહાયની રકમ રૂ.૧,૭૦,૦૦૦/- કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:-TDD/POH/e-file/25/2025/0154/GH
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા :-**

૧. આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-ગનય/૨૦૮૮/૧૪૫૫/ઘ, તા.૦૭/૦૮/૧૯૮૯.
૨. આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-ગનય/૨૦૧૦/૨૬૩/ઘ, તા.૧૮/૦૫/૧૯૯૦.
૩. આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-ટીએપી/૨૦૯૩/૨૯૦/ઘ, તા.૦૪/૦૬/૧૯૯૩.
૪. આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-ગનય/૧૦૯૭/૧૯૦/ઘ, તા.૧૩/૦૧/૧૯૯૮.
૫. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-પરચ/૧૦૨૦૦૯/૮૧૯/લ, તા.૧૧/૦૮/૨૦૧૦.
૬. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-અવસ/૧૦૨૦૧૪/૧૫૮/લ, તા.૧૮/૦૨/૨૦૧૪.
૭. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-હગય/૧૦૨૦૧૪ /૧૭૮૩/લ, તા.૧૭/૧૦/૨૦૧૫.
૮. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-આઈએવાય/૧૦૨૦૧૩/ SFS-20/ખ-૨, તા.૨૪/૦૧/૨૦૧૭.
૯. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-પીએમએવાય/ ૧૦૨૦૧૩/ SFS-૬/ ખ-૨, તા.૦૮/૦૫/૨૦૧૮.
૧૦. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-પીએમએવાય/ ૧૦૨૦૧૮/SFS-૨/૨૦૧૭/ખ-૨, તા.૦૨/૦૬/૨૦૧૮.
૧૧. આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-હગય/૧૦૨૦૧૫/૧૩૧/ગ, તા.૨૫/૦૬/૨૦૧૮.
૧૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક-અબડ/૧૨૨૦૨૧/ ૫૬૨૬૬૨/હ, તા.૨૭/૧૨/૨૦૨૧.
૧૩. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-પીએમએવાય/ ૧૦૨૦૨૩/ SFS-૬/ખ-૨, તા.૨૮/૦૩/ ૨૦૨૩
૧૪. કમિશનર, આદિજાતિ વિકાસની કચેરીનો પત્ર ક્રમાંક:-આ.વિ./વીકેવાય/મકાન સહાય/૨૦૨૪/ ૨૪૦૨, તા.૨૬/૧૨/૨૦૨૪.
૧૫. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક-CRD/BUD/e-file/204/2025/0151/PMAY-G-KH-2, તા.૧૯/૦૪/ ૨૦૨૫.
૧૬. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:-SJED/PRC/e-file/17/2025/0196/ H, તા.૦૨/૦૫/૨૦૨૫.

**પ્રસ્તાવના :-**

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિના કુટુંબો કે જેઓને રહેઠાણ માટે આવાસની સુવિધા નથી અથવા કાચુ / જર્જરીત આવાસ ધરાવતા હોય તેઓને પોતાના રહેઠાણના આવાસ બાંધકામ માટે આર્થિક સહાય અંગેની યોજના વિભાગના વિવિધ ઠરાવોથી અમલ કરવામાં આવે છે. આદિજાતિ વિકાસ વિભાગ ઉપરાંત કેન્દ્ર સરકાર અને રાજય સરકારના અન્ય વિભાગો દ્વારા પણ આવાસ સહાય માટેની યોજનાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજનાના ધારાધોરણમાં સ્થાનિક જરૂરીયાત ધ્યાને લઈ સમયાંતરે સુધારા-વધારા કરવામાં આવતા હોય આવાસ યોજનાના ધારા-ધોરણમાં બદલાવ થવાના કારણે રાજય સરકાર દ્વારા રાજયના આવાસ સહાયના લાભાર્થીઓને જુદી જુદી આવાસ યોજના હેઠળ સમાન પ્રકારે લાભ મળી રહે તે હેતુથી યોજનાઓ વચ્ચે એકરૂપતા લાવવા માટે તથા અન્ય આવાસ યોજનામાં લાભ ન મેળવી શકતા હોય, તેવા આદિજાતિ લાભાર્થીઓ વ્યક્તિગત ધોરણે આવાસ યોજના અંતર્ગત લાભ મેળવી શકે તે માટે હાલમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલીત અનુસૂચિત જનજાતિના કુટુંબો માટેની વ્યક્તિગત આવાસ સહાય યોજનાના ઠરાવોને સંકલિત કરી પુન:ગઠન કરવાની જરૂરીયાત જણાતી હોવાથી આ અંગે કમિશનરશ્રી(આ.વિ.)ની કચેરીના તા.૨૬/૧૨/૨૦૨૪ ના વંચાણે લીધેલ ક્રમાંક:-(૧૪) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ વધુમાં, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૯/૦૪/૨૦૨૫ ના વંચાણે લીધેલ ક્રમાંક:-(૧૫) પરના ઠરાવથી પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) હેઠળ લાભાર્થીઓ માટે હાલમાં

આપવામા આવતી સહાય રકમ રૂ.૧,૨૦,૦૦૦/- (કેન્દ્ર અને રાજય સરકારના ૬૦:૪૦ હિસ્સો) ઉપરાત ૧૦૦% રાજય ફાળા તરીકે પ્રતિ લાભાર્થી રકમ ₹.૫૦,૦૦૦/-ની વધારાની સહાય મંજૂર કરવાની કરવામાં આવેલ હોવાથી આ વિભાગ હસ્તકની **"વ્યક્તિગત આવાસ સહાય"** યોજનામાં પણ ₹.૧ લાખ ૨૦ હજારની સહાયમાં મકાનદીઠ ₹.૫૦ હજારના વધારો કરીને સહાયની રકમ ₹.૧ લાખ ૭૦ હજાર કરવાની બાબત રાજય સરકારના વિચારણામાં હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની વિગતે આ સંકલિત ઠરાવ પ્રસિધ્ધ થયાના નાણાંકિય વર્ષથી અનુસૂચિત જનજાતિનાં કુટુંબો માટેની "વ્યક્તિગત આવાસ સહાય" યોજનાનો અમલ કરવાનું તથા આ વિભાગ હસ્તકની **"વ્યક્તિગત આવાસ સહાય"**ની હાલની ₹.૧ લાખ ૨૦ હજારની સહાયમાં વધારો કરીને મકાનદીઠ ₹.૫૦ હજારની વધારાની સહાય મળીને કુલ રકમ ₹.૧ લાખ ૭૦ હજાર સહાય ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧. લાભાર્થીની પાત્રતા :-**

૧.૧ લાભાર્થી અનુસૂચિત જનજાતિના હોવા જોઈએ.

૧.૨ લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૬,૦૦,૦૦૦/- સુધી હોવી જોઈએ.

૧.૩ રાજયના ૫ આદિમજૂથ સમુદાયના લાભાર્થીઓ માટે કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહિ.

૧.૪ લાભાર્થીના કુટુંબ દ્વારા અન્ય કોઈપણ ગૃહ નિર્માણ યોજનાનો લાભ લીધેલ ન હોવો જોઈએ. પરંતુ, એકવાર લાભ મેળવેલ હોય અને ૩૦ વર્ષ થયેલ હોય તેમજ મકાન જર્જરિત હોય તો જે તે લાભાર્થી આ યોજના હેઠળ પુન: સહાય મળવાપાત્ર થશે.

૧.૫ લાભાર્થી મકાન વિહોણા પરંતુ પોતાની માલિકીની આવશ્યક જમીન ધરાવતા હોવા જોઈએ.

૧.૬ ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તેવુ તદ્દન કાચુ ગાર/માટીનું, કામચલાઉ ઝુપડું કે જે લાંબા સમય સુધી ટકી શકે તેવું ન હોય તે ધરાવનાર કુટુંબોને આ યોજનાનો લાભ લઈ શકે.

**૨. આવશ્યક જમીનનું ધોરણ :-**

૧. લાભાર્થી પોતાની માલીકીની જમીન અંગે નીચે મુજબની જમીન ધારણ કરતા હોય તોઆ યોજના હેઠળ લાભ આપી શકાશે.

અ. મકાન વિહોણા વ્યક્તિ કે જેઓને પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની યોજનામાં મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવેલ હોય અને જેઓ કબ્જો ધરાવતા હોય તેવા અનુસૂચિત જનજાતિના કે જેમને અન્ય કોઈ ગૃહ નિર્માણ યોજના હેઠળ લાભ મેળવેલ ન હોય તેવા વ્યક્તિ હોવા જોઈએ.

બ. ગ્રામ પંચાયત/રેવન્યુ/સીટી સર્વેના અથવા અન્ય કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ આવા લાભાર્થીઓ કબ્જો ધરાવતા હોય અને મિલ્કતવેરો, ઘરવેરો ભરવાના દાખલા રજુ કરેલ તેવા વ્યક્તિ હોવા જોઈએ.

૨. રાવળીયા/રાવળ અને ઈનામી જમીનના કાયદા/નિયમો નીચે પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ મહેસૂલો કે સીટી સર્વે રેકર્ડ પર નોંધાયેલ ન હોય પરંતુ તેઓના લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો હોય તો તેઓને પણ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. પરંતુ લાભાર્થી ખરેખર કબ્જો ધરાવે છે કે કેમ તેની ખાત્રી જિલ્લાના આદિજાતિ વિકાસ અધિકારીશ્રી/ મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

૩. વારસાઈથી મિલકત પ્રાપ્ત કરી હોય અને તે અંગે પંચાયત રેવન્યુ/સીટીસર્વે રેકર્ડમાં નોંધ ન થઈ હોય પરંતુ મૂળ મિલ્કત ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવા માટેની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબ્જો ધરાવનાર વારસદાર વ્યક્તિ હોવા જોઈએ.

૪. રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનના પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલા હોય અને મિલક્ત તબદીલ થઈ હોય તેવી જમીનના પ્લોટોના કબ્જેદારો વ્યક્તિ હોવા જોઈએ.

૫. અનુસૂચિત જનજાતિના લાભાર્થી પોતાનું મકાન બનાવવા માટે જે વ્યક્તિના નામે હાલમાં ભોંયતળિયે મકાન હોય તેના પ્રથમ માળ ઉપર તેના પુખ્ત વયના પુત્રો અથવા ભાઈ જમીન/મકાન માલિકની સંમતિથી ઉપરના માળે મકાન બાંધે તો તેને પણ આ યોજના હેઠળ લાભ આપી શકાશે. પરંતુ, આ અંગે હાલના મકાનનું માળખું ઉપર બીજો માળ ખેંચવા માટે સક્ષમ છે તે મુજબનું અધિકૃત ઈજનેર(Civil Engineer) નું પ્રમાણપત્ર અરજદારે રજૂ કરવાનું રહેશે.

૬. આદિજાતિ વિસ્તારોમાં જયાં ગામતળ હોતું નથી અને ત્યાંના સ્થાનિક આદિવાસી કુંટુબો કે જેઓ પોતાના ખેતરમાં ખેતીની જમીન પર મકાન બાંધવા માંગતો હોય તો યોજનાની અન્ય શરતો પરીપૂર્ણ કરતા હોય તો લાભ આપી શકાય.

૭. ફોરેસ્ટ રાઈટ એક્ટ (વન અધિકાર ધારા)માં મળેલ જંગલ જમીનના કિસ્સામાં સનદમાં શરતોમાં ખેતી સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. એ મુજબની શરત ના કિસ્સામાં મકાન સહાયનો લાભ આપી શકાશે નહિ. પરંતુ, જો ખેતીની જમીનમાં ખેતી કરી રોજગારી મેળવવાના હેતુ થી મકાન બાંધવાની જરૂરિયાત જણાતી હોય તો તેવા કિસ્સામાં મકાન સહાય આપી શકાશે.

**૩. અરજીને મંજુર કરવા માટેની પ્રાથમિકતા :-**

આ યોજના હેઠળ લાભાર્થીઓની મળેલ અરજી પૈકી નીચે જણાવેલ કેટેગરીના અરજદાર / લાભાર્થીઓની અરજી હોય તો તે અરજીને પ્રાથમિક પસંદગી યાદીમાં પ્રથમ પસંદગી કરવાની રહેશે.

(૧) અનુસૂચિત જનજાતિની ગંગાસ્વરૂપા મહિલા/ત્યક્તા કે છુટાછેડા મહિલા

(૨) આદિમજૂથ (PVTGs)

(૩) દિવ્યાંગ વ્યકિતઓ

(૪) કુદરતી અને માનવસર્જિત આપત્તિમાં પુર્ણ રૂપે નષ્ટ થયેલ આવાસ

ત્યાર બાદ બાકી રહેતી અરજીઓને નીચે મુજબ બીજી પસંદગી યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

(૧) ઘર વિહોણા અથવા ઝુંપડામાં રહેતા હોય.

(૨) ગાર માટીનું કાચુ મકાન ધરાવતા હોય,

(૩) તદ્ન કાચુ ઘર હોય.

જો અરજી વધુ હોય તો ડ્રો સિસ્ટમ કર્યા બાદ બાકી રહેતી અરજીઓને આગળના નાણાંકીય વર્ષમાંcarry forward કરવાની રહેશે.

**૪. સહાય :-**

આ યોજના હેઠળ મકાન બાંધકામ માટે સહાયની રકમ રૂ.૧,૭૦,૦૦૦/-(અંકે રૂપીયા એક લાખ સિત્તેર હજાર પુરા)ની મર્યાદામાં ચૂકવવામાં આવશે.

**૫. મકાનનું આવશ્યક બાંધકામ અને યોજનાનો સમયગાળો :-**

૫.૧ આ યોજના હેઠળ લાભાર્થીને પોતાના વિસ્તારની સ્થાનિક આબોહવા, ભૌગોલિક પરિસ્થિતિની તેમજ સ્થાનિક લોકોની રુચિ, રહેણીકરણી, સામાજિક પ્રથા વગેરે ધ્યાને લઈને મકાન બાંધકામ કરવા માટે કોઈ ટાઈપ ડીઝાઈન નિયત કરેલ નથી. તો લાભાર્થી પોતે જ પોતાના જરૂરિયાત મુજબનું મકાન જાતે જ બાંધકામ કરવાનું રહેશે ખાતાકીય રાહે કે ઈજારદાર દ્વારા કરાવવાનું નથી. જેમાં શૌચાલય બાંધકામ ફરજિયાત છે.

૫.૨ મકાનોનું બાંધકામ ૨૫ ચો.મી કરતાં ઓછુ હોવું જોઈએ નહિ. એટલે કે, તેનો પ્લીંથ એરિયા ૨૫ ચો.મી કરતાં ઓછો હોવો જોઈએ નહિ.

૫.૩ મકાન સહાયના પ્રથમ હપ્તાની ચૂકવણી કર્યેથી ૨ વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. પરંતુ જવાબદાર સંજોગોમાં તપાસ કર્યા બાદ જો યોગ્ય લાગે તો વધુ ૬ માસને મુદત વધારી આપવાની સત્તા સબંધિત જિલ્લાના મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ કચેરીની રહેશે.

૫.૪ “વ્યકિતગત ધોરણે આવાસ” સહાયની યોજના હેઠળ બનેલ મકાન પર લાભાર્થીએ પરિશિષ્ટ – ૧ મુજબ "રાજ્ય સરકારની અનુસૂચિત જનજાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે આવાસ યોજના" એ મુજબની તકતી બનાવી લગાડવાની રહેશે.

વધુમાં, શૌચાલય માટે જેમને રૂ.૧૨,૦૦૦/-(અંકે રૂપિયા બાર હજાર પુરા) ની સહાય સ્વચ્છ ભારત મિશન હેઠળ મળવાપાત્ર હોય તેમને અલગથી તે યોજનાના નિયમો પ્રમાણે મળવાપાત્ર થશે.

પરંતુ, જો લાભાર્થીને શૌચાલય માટે સહાય ન મળવાપાત્ર હોય તો તેમણે ફરજીયાત રૂ.૧,૭૦,૦૦૦/-ની સહાયમાંથી શૌચાલય બનાવવાનું રહેશે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ રૂા.૧૨,૦૦૦/-ની સહાય શૌચાલયના બાંધકામ માટે મળવાપાત્ર છે. જેથી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ની જોગવાઈઓના પાલનની શરતે આ યોજનાના સંબંધિત અધિકારીશ્રી/કચેરી સાથે સંકલન કરીને આ સહાય મેળવવાની રહેશે. આ ઉપરાંત શૌચાલયના બાંધકામ માટે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ રૂા.૧૨,૦૦૦/-ની સહાય ન મળતી હોય તો અને ગ્રામ પંચાયત ODF(OPEN DEFECATION FREE) કરવા માટે બાહેધરી આપતી હોય તો રૂા.૧૨,૦૦૦/-ની સહાય મનરેગા યોજના હેઠળ પ્રાપ્ત થાય છે. તે મેળવવાની અરજદારશ્રીએ જાતે કાર્યવાહી કરવાની રહેશે.

**<u>૬. સહાયની ચુકવણી તબકકા અને શરતો:-</u>**

| ક્રમ | બાંધકામનો તબક્કો | હપ્તો | સહાયની રકમ(₹.) |
|---|---|---|---|
| ૧. | મકાન સહાયના મંજુરીના હુકમ સાથે | પ્રથમ | ૩૦,૦૦૦/- |
| ૨. | પ્લીંથ લેવલ સુધી પૂર્ણ કરે ત્યારે | બીજો | ૮૦,૦૦૦/- |
| ૩. | રૂફ-કાસ્ટ-લેવલ સુધી પૂર્ણ થયેથી | ત્રીજો | ૫૦,૦૦૦/- |
| ૪. | મકાન બાંધકામ પૂર્ણ કરવામાં આવે ત્યાર બાદ | ચોથો | ૧૦,૦૦૦/- |

૬.૧ સહાયની રકમ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં DBT (Direct Benefit Transfer) મારફતે ચુકવવાની રહેશે.

૬.૨ બીજા અને ત્રીજા હપ્તાની ચૂકવણી પહેલાં સબંધિત જિલ્લા/તાલુકાના મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી/ તાલુકા નિરીક્ષકશ્રીનો સ્થળ ચકાસણી અહેવાલ અને અભિપ્રાય રજૂ કરવાનો રહેશે. તેમજ સ્થળ નિરીક્ષણનું રોજકામ અને ફોટોગ્રાફ સામેલ રાખવાનું રહેશે.

૬.૩ ચોથા હપ્તાની સહાય સમયે નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૬.૩.૧ ચૂકવણીના કિસ્સામાં મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગે ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરસીયર, અધિક મદદનીશ ઈજનેરનું પ્રમાણપત્ર રજુ કરવું.

૬.૩.૨ ગ્રામ પંચાયત આકારણી પત્રક રજૂ કરવું.

૬.૩.૩ આ યોજના હેઠળ જે મકાન માટે સહાય મેળવવામાં આવેલ હોય તેનું બાંધકામ પૂર્ણ થયેથી તેનો ફોટોગ્રાફ રજુ કરવાનો રહેશે.

૬.૩.૪ મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી દ્વારા સ્થળ નિરીક્ષણ અને રોજકામની વિગતો રજુ કરવી.

૬.૩.૫ મદદનીશ ઈજનેરશ્રી કે ઉપરના અધિકારીઓનું મકાન બાંધકામ કમ્પલીશન અંગેનું પ્રમાણપત્ર રજુ કરવુ.

૬.૩.૬ શૌચાલય ન હોવાના કારણે ચોથા હપ્તાની ચુકવણી રોકવાની રહેશે નહી પરંતુ શૌચાલયનું બાંધકામ નિયમોનુસાર પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૬.૪ યોજના હેઠળ નિયત કરેલ સમય મર્યાદામાં લાભાર્થી દ્વારા મકાન બાંધકામ પૂર્ણ ન કરવામાં આવે તો લાભાર્થી પાસેથી મકાન સહાયની ચૂકવાયેલા હપ્તાની રકમ રેવન્યુ રાહે પરત વસૂલ કરવાની રહેશે. અપવાદ રૂપે કાબુ બહારના સંજોગોમાં કે સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં ઢીલ થવાના પ્રસંગે આ સમય મર્યાદામાં ગુણ-દોષના આધારે મંજુર કરતા અધિકારી છૂટછાટ આપી શકશે.

**<u>૭. આધાર પુરાવા :-</u>**

૭.૧ લાભાર્થીનો અનુસૂચિત જનજાતિના હોવાનો સક્ષમ સત્તાધિકારીશ્રીનો દાખલો રજુ કરવાનો રહેશે.

૭.૨ લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ સત્તાધિકારીશ્રીનો દાખલો રજુ કરવાનો રહેશે.

૭.૩ જે જમીન ઉપર મકાન બાંધવાનું છે, તે જમીનના ક્ષેત્રફળ દર્શાવતા ચતુર્દિશાના નકશાની નકલ રજુ કરવી. (તલાટી-કમ-મંત્રી/સીટી-તલાટી-કમ-મંત્રી/ સર્કલ ઈન્સ્પેકટરેની સહીવાળી).

૭.૪ ગ્રામ પંચાયતનું આકારણી પત્રક અને વેરાપહોંચ રજુ કરવી.

૭.૫ મકાન બાંધકામ રજા ચિઠ્ઠી રજુ કરવી.

૭.૬ લાભાર્થીનો હયાત કાચા મકાન અથવા જમીન સાથેનો ફોટોગ્રાફ (જે સ્થળે બાંધકામ કરવાનું હોય તેની સાથેનો ફોટોગ્રાફ્સ), જો મકાનના ઉપરના ફ્લોર પર બાંધકામ કરવાનું હોય તો તેનું પ્રમાણપત્ર રજુ કરવુ.

૭.૭ જો જમીન સંયુક્ત માલિકીની હોય તો મકાન બાંધકામ કરવા સંયુક્ત વારસદારોની રૂા.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ મેળવીને તેની પ્રમાણિત નકલ રજુ કરવી.

૭.૮ જો ગંગા સ્વરૂપ, ત્યક્તા, વિકલાંગ અંગેની કેટેગરીમાં સમાવેશ થતો હોય તો તેનો આધાર તરીકે પતિના મરણનો દાખલો (જો વિધવા હોય તો) રજુ કરવો.

૭.૯ દિવ્યાંગ હોય તો પ્રમાણપત્ર (ઓછામાં ઓછા ૪૦% અશક્તતા) રજુ કરવુ.

૭.૧૦ લાભાર્થીનું આધાર કાર્ડ રજુ કરવુ.

૭.૧૧ લાભાર્થીનુ રેશનકાર્ડ રજુ કરવુ.

૭.૧૨ રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/લાઇસન્સ/ભાડાકરાર/ચુંટણી કાર્ડ પૈકી કોઈ પણ એક) રજુ કરવો.

૭.૧૩ બેંક પાસબૂકની પ્રથમ પાનાની નકલ અથવા રદ કરેલ ચેક (અરજદારના નામનો) રજુ કરવી.

૭.૧૪ એકરારનામું - સ્વ ઘોષણા રજુ કરવુ.

૭.૧૫ કુદરતી આપત્તિ અને માનવ સર્જિત આપત્તિમાં પૂર્ણ રૂપે નષ્ટ થયેલ ઘર હોય તો મામલતદારશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવુ.

**<u>૮. યોજનાના અમલ :-</u>**

૮.૧ આ યોજનાનો અમલ સબંધિત જિલ્લાના મદદનીશ કમિશનરશ્રીની કચેરી દ્વારા તેમજ કચ્છ-ભૂજ જીલ્લામાં અને ડાંગ જિલ્લામાં આદિજાતિ વિકાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવશે. અને સબંધિત જિલ્લાના મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ આ યોજનાના અમલીકરણ માટે સક્ષમ સત્તાધિકારી રહેશે.

૮.૨ યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની ચકાસણી, બાંધકામ શરૂ કર્યા બાદ સુપરવિઝન અંગેની ફિલ્ડ ચકાસણી અને ખરાઈ કરવાની જવાબદારી સબંધિત મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી / તાલુકા નિરિક્ષકની રહેશે.

૮.૩ આ યોજના હેઠળ લાભાર્થીઓની અરજી e-vanbandhu.gujarat.gov.in પર ઓનલાઈન મંગાવવાની રહેશે.

૮.૪ e-vanbandhu.gujarat.gov.in પર મળેલ અરજીઓ પૈકી યોજનાના ધારાધોરણ મુજબ પ્રાથમિક પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. પ્રાથમિક પસંદગી યાદીની તમામ અરજીઓની સબંધિત મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી/તાલુકા નિરિક્ષક દ્વારા સ્થળ ખરાઈ કરી મંજુરી અંગેનો આખરી અભિપ્રાય મળ્યેથી લાભાર્થીને આખરી મંજુરી આપવાની રહેશે.

૮.૫ જે તે વર્ષના ભૌતિક લક્ષ્યાંકની મર્યાદા ધ્યાને રાખીને અરજીઓ મંજુર કર્યા બાદની વધારાની અરજીઓને આગામી નાણાકીય વર્ષના લક્ષ્યાંકમાં સમાવેશ કરી શકાશે. પરંતુ જુની અરજી તરીકે પ્રથમ મંજુર કરી શકાશે નહી. આવી જુની અરજીને નવી મળેલ અરજી સાથે તૈયાર કરવાની પ્રાથમિક પસંદગી યાદીમાં આવતા જે તે ક્રમ પર રાખવાની રહેશે. જો અરજી વધુ હોય તો ડ્રો સિસ્ટમ કર્યા બાદ બાકી રહેતી અરજીઓ આગળના નાણાંકીય વર્ષમાં carry forward કરવામાં આવશે.

૮.૬ જે અરજદારોની અરજીઓની પૂર્તતા સંદર્ભે તેઓને અરજી તેમના લોગીનમાં પાછી મોકલી આપવામાં આવે છે તે સંદર્ભે જો લાભાર્થી ૯૦ દિવસની અંદર પૂર્તતા ન કરી શકે તો આપો આપ તેની અરજી રદ ગણાશે અને લાભાર્થીએ ત્યારબાદ નવેસરથી અરજી કરવાની રહેશે.

૮.૭ યોજના હેઠળ મંજુર કરેલ લાભના લાભાર્થીઓની માહિતી કચેરી ખાતે નિભાવવાની રહેશે તેમજ આવાસ સહાય અમલ કરતી અન્ય કચેરીને પણ દર વર્ષે યાદીની એક નકલ મોકલી આપવાની રહેશે. જેથી એકથી વધુ યોજનામાં લાભ બેવડાય નહી તેની તકેદારી રાખી શકાય.

૮.૮ કચેરી ખાતે યોજના હેઠળ નિભાવવાનો રેકોર્ડ નિયત રજીસ્ટર અને પત્રક સ્વરૂપે નિભાવવાનો રહેશે. જિલ્લા અધિકારીએ રેકોર્ડ નિભાવણીની ખરાઈ કરવાની રહેશે.

૮.૯ યોજનાની શરત બહાર સહાયનું ચુકવણું થયેલ માલૂમ પડશે તો તે ક્ષતિ માટે સબંધિત જિલ્લાના મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી/આદિજાતિ વિકાસ અધિકારી/મદદનીશ કમિશનરશ્રી(વર્ગ-૧) ને જવાબદાર ગણીને ખોટી રીતે ચુકવાયેલ રકમ તેઓની પાસેથી વસુલ કરવામાં આવશે.

૮.૧૦ આદિજાતિ વિકાસ વિભાગની વાર્ષિક આયોજન હેઠળની યોજનાઓ જેવી કે મુખ્યમંત્રી બોર્ડર વિલેજ, હળપતિ આદિમજૂથ, ગુજરાત પેટર્ન વગેરે જેવી યોજનાઓ હેઠળ જો આવાસના આયોજનના કામો મંજૂર કરવામાં આવે તો તે યોજના હેઠળ પણ લાભાર્થીની પસંદગીના માપદંડો માટે આ ઠરાવના મુદ્દા નં.૩ માં દર્શાવેલ પધ્ધતિ અનુસરવાની રહેશે.

૮.૧૧ આ યોજના હેઠળ જો આદિમજૂથના લાભાર્થીઓને લાભ આપવાનો થાય તો PM-JANMAN હેઠળ વખતો વખત નિયત કરેલ યુનિટ કોસ્ટ મુજબ સહાય આપવાની રહેશે. તેમજ અન્ય ખાસ જૂથો/ યોજના માટે જો ભારત સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કોઈ વધારે રકમની યુનિટ કોસ્ટ નિયત કરે તો તે જૂથોને પણ આ યોજના હેઠળ તે યુનિટ કોસ્ટ મુજબની આર્થિક સહાય આપવાની રહેશે.

૮.૧૨ જિલ્લા કચેરી દ્વારા દર માસની ૫ તારીખ સુધીમાં યોજના હેઠળ થયેલ કામગીરીની પ્રગતિનો પ્રગતિ અહેવાલ કમિશનશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરને મોકલી કરવાનો રહેશે.

**૯. શરતો :-**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહીં તે મુજબનું આયોજન કરવાની તકેદારી કમિશનશ્રી, આદિજાતિ વિકાસ એ રાખવાની રહેશે.

(૨) ઓનલાઈન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૩) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૪) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ એ નાણાકીય સહાય માટે નિયત કરેલ સમયાંતરે D B T પધ્ધતિ / DBT Portal/C.M. Dash Board અપનાવવાનું રહેશે.

(૫) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૧૨) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે

અદાજપત્રમા માગણી મજૂર કરવામા આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઈ ખર્ચ કરવામા આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઈ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનું આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૪) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) C.M.Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૮) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૯) લાભાર્થીને મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે દૈનિક વેતનદર રકમ રૂ.૨૮૮/- મુજબ રકમ રૂ.૨૫,૯૨૦/-ની સહાય મળવાપાત્ર થશે. (મનરેગા યોજના હેઠળ જોબકાર્ડ હોવું અનિવાર્ય)

(૨૦) આવાસના લાભાર્થીઓને અન્ય યોજના સાથે કન્વર્જન્સ દ્વારા નળ સે જળ યોજના હેઠળ પીવાનું પાણી, ઉજ્જવલા યોજના હેઠળ ગેસ કનેક્શન, ઉજાલા યોજના હેઠળ વીજળી કનેક્શન વિગેરે માળખાગત સુવિધાઓ પૂરી પાડવાની રહેશે અને તે અંગેનો લાભ લેવા માટે જરૂરી પ્રમાણપત્ર કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના સંબંધિત જિલ્લાના અધિકારી દ્વારા પણ આપી શકાશે.

આ યોજના અંગેનો ખર્ચ માંગણી નં ૯૩ મુજબ મુખ્ય સદર :૨૨૨૫:અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ ૦૨- અનુસુચિ જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર, ૨૮૩- અન્યને જનરલ સહાયક અનુદાન, ૦૧ વી કે વાય ૩૨ વ્યક્તિગત મકાન સહાય તથા માંગણી નં ૯૬ મુખ્ય સદર :૨૨૨૫:અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ,અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, ૦૨- અનુસુચિ જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, ૨૯ વીકેવાય ૩૨ વ્યક્તિગત મકાન સહાય હેઠળ કરવાનો રહેશે. ચાલુ નાણાંકીય વર્ષે મંજૂર થયેલ જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૩/૦૬/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાકેશ મકવાણા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના (આ.વિ)ના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, પંચાયત અને ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓની કચેરી,(કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી મારફતે.)

- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂર અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક-૧૧, ત્રીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી(આ.વિ.), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ (કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રીઓ અને સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રીઓ, કચ્છ, આહવા-ડાંગ (કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી મારફતે)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, છ(બજેટ)-શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ચ- શાખા, ચ.૧-શાખા તથા પી-શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.